Extra No. 252

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, JULY 9, 2025 / ASHADHA 18, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખઃ ૧૭મી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/પીટી/૨૦૨૫/૧૩/પીટીડી/પીએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૨૮૬/ખ. નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Government Notification, Ports and Transport Department No. PT/2017/6/MVD/2017/699/KH, dated the 31st March, 2017

બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૧૭નું સરકારી જાહેરનામું ક્રમાંક: પીટી/૨૦૧૭/૬/એમવીડી/૨૦૧૭/૬૯૯/ખ. સુધારવા સંબંધી

જાહેરનામું

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચ/પીટી/૨૦૨૫/૧૩/પીટીડી/પીએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૫/૦૨૮૬/ખ:- ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫-મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૧૭નું સરકારી જાહેરનામું ક્રમાંક: પીટી/૨૦૧૭/૬/એમવીડી/૨૦૧૭/૬૯૯/ખ (જેનો આમાં હવે પછી, "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)-નીચે પ્રમાણે સુધારે છે:-

૧. સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, ખંડ ૨-માં, નોંધ (૫)ને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુસૂચિ

"(૫)	(૧) વધુમાં વધુ આઠ મુસાફરોને લઈ જવા માટેનું લાઈસન્સ આપેલી નામનિર્દિષ્ટ કરેલી મોટી મોટર ગાડી (ઑમ્નિબસ)	વાહનની કિંમતના ૬ ટકા.
	(૨) આઠથી વધારે પરંતુ બારથી વધારે નહિ તેટલા મુસાફરોને લઈ જવા માટેનું લાઈસન્સ આપેલી નામનિર્દિષ્ટ કરેલી મોટી મોટર ગાડી (ઑમ્નિબસ)	વાહનની કિંમતના ૬ ટકા."

૨. અનુસૂચિ અને તેની નીચેના સ્પષ્ટીકરણો પછી, નીચેનો ખંડ અને કોષ્ટક ઉમેરવા:-

"અનુસૂચિમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ખંડ ૧ ((૧) સિવાય), ૨, ૩ નોંધ (૨), ૪-માં જણાવેલા અને વાહનમાં ઈન્સ્ટોલ કરેલી ઈલેક્ટ્રિક બેટરીથી સંપૂર્ણપણે વીજ-પુરવઠો પૂરો પાડતી હોય તેવી ટ્રેક્શન એનર્જી (વીજળી ખેંચવાની ઊર્જા) ધરાવતી ઈલેક્ટ્રિક મોટરથી સંપૂર્ણપણે વીજ-પુરવઠો મેળવતા કોઈપણ પ્રકારના વાહનનો વેરો, સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધીની મુદત માટે નીચેના કોષ્ટકની કોલમ નંબર. (૬)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે (રિબેટ (વળતર) આપ્યા પછી) સરેરાશ દરે લેવો જોઈશે.

કોષ્ટક

અનુક્રમાંક	ખંડ	મોટર વાહનના પ્રકારો	વિદ્યમાન દર	રિબેટ (વળતર)-ની ટકાવારી	રિબેટ (વળતર)પછી સરેરાશ દર
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧	૧ (નોંધ (૧) સિવાય)	(૨) કોઈ વ્યક્તિ, શૈક્ષણિક સંસ્થા, સ્થાનિક સત્તામંડળ, જાહેર ટ્રસ્ટ, સમાજ કલ્યાણ સંસ્થા અથવા યુનિવર્સિટી-ની માલિકીનું હોય તેવા મોટર વાહન સાથે જોડેલા અંગત સરસામાન લઈ જવા માટેના ટ્રેઈલર અથવા ખાનગી વપરાશ માટેના કેમ્પિંગ ટ્રેઈલર સહિતના મોટર વાહનો: પરંતુ એકસરખા ટ્રેઈલરના સંબંધમાં આ ખંડ હેઠળ બે અથવા તેથી વધુ મોટર વાહનોનો દર લઈ શકાશે નહિ.	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.

અનુક્રમાંક	ખંડ	મોટર વાહનના પ્રકારો	વિદ્યમાન દર	રિબેટ (વળતર)-ની ટકાવારી	રિબેટ (વળતર)પછી સરેરાશ દર
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
		(૩) કોઇ વ્યક્તિ, શૈક્ષણિક સંસ્થા, જાહેર ટ્રસ્ટ, સ્થાનિક સત્તામંડળ, અથવા યુનિવર્સિટી-ની માલિકીની મોટર સાઇકલ્સ અને ટ્રાઇસિકલ્સ (મિકેનિકલ પાવર (યાંત્રિક બળ)થી તેને ચલાવવા માટેના જોડાણ (અટૅચમેન્ટ) સહિત).	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૪) મુખ્યત્વે કૃષિવિષયક કામગીરી માટે વપરાતા ટ્રેક્ટર્સ.	વાહનની કિંમતના ૩ ટકા.	વાહનની કિંમતના ૨ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૫) કૃષિવિષયક કામગીરી સિવાયની અન્ય કામગીરી માટે વપરાતા અને રિગ્સ, ક્રેન્સ, કમ્પ્રેસર અથવા પ્રોજેક્ટર્સ જેવા કોઇપણ ઉપકરણ સાથે જોડેલા હોય કે ન હોય તેવા ટ્રેક્ટર્સ અથવા કોઇ મુસાફર, માલ અથવા અન્ય સામાન લઇ જવાનો હેતુ ન હોય તેવા અને રિગ્સ, ક્રેન્સ, કમ્પ્રેસર અથવા પ્રોજેક્ટર્સ જેવા કોઇપણ ઉપકરણ સાથે જોડેલા હોય તેવા તેમજ વિશેષ સેવા અથવા હેતુઓ માટે વપરાતા કોઇપણ મોટર વાહનો અથવા માલ ભર્યા વિના ૭૫૦૦ કિગ્રાથી વધુ નહિ તેટલા વજનના બાંધકામ સાધનસામગ્રીના વાહનો.	વાહનની કિંમતના ૩ ટકા.	વાહનની કિંમતના ૨ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
૨	૨	(૧) વધુમાં વધુ બે મુસાફરોને લઇ જવા માટેનું લાઇસન્સ આપેલા દ્વિચક્રી (ટુ વ્હીલર્સ) વાહનો.	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૨) વધુમાં વધુ ત્રણ મુસાફરોને લઇ જવા માટેનું લાઇસન્સ આપેલા સામાન્ય રીતે ઑટો રિક્ષા તારીકે ઓળખાતા થ્રી વ્હીલર્સ વાહનો.	વાહનની કિંમતના ૨.૫ ટકા.	વાહનની કિંમતના ૧.૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૩) ત્રણ થી વધારે પરંતુ છથી વધારે નહિ તેટલા મુસાફરોને લઇ જવા માટેનું લાઇસન્સ આપેલા સામાન્ય રીતે ઑટો રિક્ષા તારીકે ઓળખાતા થ્રી વ્હીલર્સ વાહનો.	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૪) વધુમાં વધુ છ મુસાફરોને લઇ જવા માટેનું લાઇસન્સ આપેલા ફોર વ્હીલર્સ વાહનો.	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૫) (૧) વધુમાં વધુ આઠ મુસાફરોને લઇ જવા માટેનું લાઇસન્સ આપેલી નામનિર્દિષ્ટ કરેલી મોટી મોટર ગાડી (ઑમ્નિબસ) (મૅક્સિ કૅબ).	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૫) (૨) આઠથી વધારે પરંતુ બારથી વધારે નહિ તેટલા મુસાફરોને લઇ જવા માટેનું લાઇસન્સ આપેલી નામનિર્દિષ્ટ કરેલી મોટી મોટર ગાડી (ઑમ્નિબસ) (મૅક્સિ કૅબ).	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
		(૬) નામનિર્દિષ્ટ કરેલી મોટી મોટર ગાડી (ઑમ્નિબસ) સિવાયના અન્ય મોટર વાહનો.	વાહનની કિંમતના ૨ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.	વાહનની કિંમતનો ૧ ટકો.

અનુક્રમાંક	ખંડ	મોટર વાહનના પ્રકારો	વિદ્યમાન દર	રિબેટ (વળતર)-ની ટકાવારી	રિબેટ (વળતર)પછી સરેરાશ દર
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૩	૩ (નોંધ (૧) સિવાય)	(૨) કોઇ શૈક્ષણિક સંસ્થાની માલિકીના અને મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાની કોઇપણ પ્રવૃત્તિના સંબંધમાં તેના વિદ્યાર્થીઓ અને કર્મચારીવર્ગ (સ્ટાફ)ના પરિવહનના હેતુ માટે વપરાતા ખાનગી સેવા માટેના વાહનો.	વાહનની કિંમતના ૩.૫ ટકા.	વાહનની કિંમતના ૨.૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.
૪	૪	માલસામાન અથવા સામગ્રી લઇ જવા માટે વપરાતા (ટ્રાઇસિલક્સ સહિતના) મોટર વાહનો.	વાહનની કિંમતના ૬ ટકા.	વાહનની કિંમતના ૫ ટકા.	વાહનની કિંમતનો ૧ ટકો.”.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરેન્દ્રસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.18 16:08:18 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar